RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 16* Date: 10.11.2020 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૧૦ રાજ્યોની ૫૪ બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીનું પણ આજે પરિણામ જાહેર થશે

## બિહાર વિધાનસભાનું પરિણામ: આજે નક્કી થશે પુનરાવર્તન કે પરિવર્તન

**એક્ઝિટ પોલના તારણો મુજબ બિહારમાં મહાગઠબંધનની સરકાર બનવાના સંકેતો પરંતુ આજે નક્કી થશે બિહારની કમાન કોણ સંભાળશે**

**ગુજરાતમાં યોજાયેલી ૮ વિધાનસભા પેટાચૂંટણીના પરિણામો પણ આજે જાહેર થશે**





ન્યુ દિલ્હી,તા.૯

આવતીકાલે પરિણામનો દિવસ છે. બિહાર વિધાનસભાની ચુંટણીનું પરિણામ કાલે આવવાનું છે સાથો સાથ ૧૦ રાજ્યોની ૫૪ બેઠકો ઉપર યોજાયેલી પેટા ચુંટણીનું પરિણામ પણ કાલે જ આવશે. ગુજરાતની ૮ બેઠકોની મત ગણતરી પણ કાલે જ થશે. આમ ભારતના રાજકારણ માટે આવતીકાલનો દિવસ ઘણો મહત્વનો છે. કાલે મધ્યપ્રદેશમાં પણ પરિણામો નવાજુની સર્જી શકે છે.

બિહારની ૨૪૩ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી પહેલાં આવેલા એક્ઝિટ પોલ માં મુખ્યમંત્રી નીતીશ કુમાર ની વિદાય અને રાષ્ટ્રીય જનતા દળની આગેવાની હેઠળના મહાગઠબંધનની સરકાર બનવાના સંકેત મળી રહ્યા છે. એક્ઝિટ પોલના પરિણામોથી પ્રોત્સાહિત કોંગ્રેસને હવે તેના ધારાસભ્યો તૂટવાનો ભય સતાવવા લાગ્યો છે.

કોંગ્રેસ હવે એક્ટિવ મોડમાં આવી ગઈ છે. મતોની ગણતરી બાદ કોંગ્રેસે ધારાસભ્યોને એકજૂથ રાખવા માટે બે વરિષ્ઠ નેતાઓને પટના મોકલ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પાર્ટીના મહાસચિવ અવિનાશ પાંડે અને રણદીપસિંહ સુરજેવાલાને પટના મોકલ્યા છે. ચૂંટણી પરિણામો જાહેર થયા બાદના સંજોગોમાં મેનેજમેન્ટની જવાબદારી આપીને આ બંને નેતાઓને મોકલવામાં આવ્યા છે.


સૂત્રોના જણાવ્યા અનુસાર એક્ઝિટ પોલમાં સત્તારૂઢ જનતા દળ યુનાઇટેડ (જેડીયુ) ના નેતૃત્વ હેઠળના સત્તારૂઢ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) વચ્ચે નજીકની લડતની આગાહી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં વિરોધી છાવણીમાંથી ધારાસભ્યોને ખરીદવા અને વેચવાના પ્રયાસો થઇ શકે છે. તેને જોતા બંને નેતાઓને પટના મોકલી દેવાયા છે. આ બંને નેતાઓ બિહારમાં રોકાશે અને ગઠબંધન સહયોગીઓની સાથે સમન્વય બનાવી રાખશે.

મહાગથાબંધનમાં આરજેડીની સાથે કોંગ્રેસ અને ડાબેરી પક્ષોનો સમાવેશ થાય છે, જયારે એનડીએમાં જેડીયુ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ), જીતનરામ માંઝીની પાર્ટી હમ, મુકેશ સહનીની વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી) છે. જો લડત નજીક રહી અને એનડીએ બહુમતી માટે જરૂરી ૧૨૨ બેઠકોના જાદુઈ આંકડાની નજીક પહોંચે છે, તો પછી વિરોધી પક્ષની છાવણીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી શકે છે. આવી સ્થિતિમાં જે પક્ષો ઓછી બેઠકો જીતે છે તે વધુ સંવેદનશીલ બની જશે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસની યોજના પોતાના તમામ ધારાસભ્યોને પટનાની એક હોટલમાં રાખવાની યોજના ધરાવે છે. ઉલ્લેખનીય છે કે જો પરિણામો એક્ઝિટ પોલના અંદાજો પ્રમાણે જ આવે છે તો મહાગઠબંધનની સરકાર રચાવાનું નક્કી મનાય છે.

ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી ગત તા. ૩જી નવેમ્બરે મતદાન યોજાયું હતું. જેનું પરિણામ આવતીકાલે આવશે.વિધાનસભાની પેટા ચૂંટણીમાં સરેરાશ ૬૦.૭૫ ટકા મતદાન થયું છે. આવતીકાલે સવારથી જ આ તમામ બેઠકો પર મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે, જેને લઇ લે ચૂંટણીપંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે .મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ, અબડાસા, લીંબડી અને કપરાડા બેઠક પર પેટાચૂંટણી મા હવે પરિણામનું કાઉન્ટડાઉન શરૂ થઇ ચૂકયું છે. આ પરિણામો ભાજપ અને કોંગ્રેસ માટે ખૂબ મહત્વના પુરવાર થશે તે વાતને નિશ્ચિત છે.આઠ બેઠકો માટે થઈને મતગણતરી કેન્દ્રો પણ આઠ નક્કી કરી દેવામાં આવ્યા છે. જેના પર મતગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આવતીકાલે સવારે શરૂ થતી મતગણતરીને લઈને બંને રાજકીય પક્ષોમાં એક વિશિષ્ટ ઉત્સુકતા જોવા મળી રહી છે હાર જીત ના ફેસલા ને લઈને ગરમાવો જોવા મળી રહ્યો છે આઠે આઠ બેઠક જીતવાના દાવા સાથે ભાજપ આગળ વધી રહી છે તો કોંગ્રેસ કેટલી બેઠકો જાળવી શકે છે તે આવતીકાલે ઈવીએમ ખુલ્યા પછી જ ખબર પડશે. આમ રાજયની આઠ વિધાનસભા પેટાચૂંટણીમાં કુલ મતદાન ૬૦.૭૫ ટકા નોંધાયું છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૫,૯૦૩ કેસ નોંધાયા, ૪૯૦ના મોત




ન્યુ દિલ્હી,તા.૯

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૫૯૦૩ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૫૫૩૬૫૭ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪૮૪૦૫ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૯૧૭૩૭૩ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૦૯૬૭૩ સુધી પહોંચ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૪૯૦ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૬૬૧૧ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૨.૬૦ ટકા સુધી પહોંચ્યો છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૫૦૩૭૦૯૭૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૫૫૯૭૯ લોકોના મોત નિપજયા છે જયારે ૩૩૦૨૮૮૭૭ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૬૦૮૬૧૧૯ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

### વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સ દ્વારા ૧૯ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યુ

## વારાણસીને વડાપ્રધાનની દિવાળી ગિફ્ટ: ૭૦૦ કરોડની યોજનાઓનું લોકાર્પણ-શિલાન્યાસ



ન્યુ દિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારના રોજ પોતાના સંસદીય મત વિસ્તાર વારાણસીને દિવાળીની ગિફ્ટ આપી. પીએમ મોદીએ અંદાજે ૭૦૦ કરોડથી વધુની યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કાશીમાં જે પણ થઇ રહ્યું છે તે બાબા વિશ્વનાથની કૃપાથી થઇ રહ્યું છે. પીએમ મોદી બોલ્યા કે હવે કાશી સ્વાસ્થય સુવિધાઓનું હબ બની રહ્યું છે.

પ્રધાનમંત્રીએ અહીં એક વખત ફરીથી લોકોને લોકલ સામાનનો ઉપયોગ કરવાની અપીલ કરી, સાથો સાથ પીએમ એ કહ્યું કે માત્ર દીવો પ્રગટાવો જ લોકલ નથી પરંતુ દેશમાં જે પણ વસ્તુ બને છે તેનો ઉપયોગ કરો. પીએમ મોદીએ કહ્યું કે કાશી એ જે માંગ્યું તેને મન ભરીને મળ્યું છે. પરંતુ મેં મારા માટે કયારેય કંઇ માંગ્યું નથી. હું અપીલ કરું છું કે તમે લોકલનો જ ઉપયોગ કરો.

પીએમ મોદીએ કહ્યું કે કોરોના કાળમાં પણ કાશી થોભ્યું નથી. સતત કામ ચાલુ રહ્યું. પીએમ મોદીએ કહ્યું કે યુપીમાં કોરોના કાળમાં વિકાસ કામ થોભ્યા નથી, તેના માટે યોગીજીની ટીમને ખૂબ ખૂબ અભિનંદન. વારાણસીમાં શહેર-દેહાતની વિકાસ યોજનાઓમાં સંસ્કૃતિ-આધુનિકતાનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે કાશીમાં હવે ઘાટોની તસવીર બદલાઇ રહી છે, જે યોજનાઓની શરૂઆત થઇ રહી છે તેનાથી સ્થાનિક રોજગાર વધશે. કાશીમાં જે પણ થઈ રહ્યું છે તે બાબા વિશ્વનાથની કૃપાથી થઈ રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે કાશીની મોટી સમસ્યા લટકતા વીજળીના તારોની રહી છે, પરંતુ આજે કાશીનો મોટો ક્ષેત્ર તેનાથી મુકત થઇ ગયો છે. પીએમ મોદીએ કહ્યું કે પહેલાં વારાણસીમાં ૧૨ ફલાઇટ દોડતી હતી પરંતુ હવે ચાર ગણી ફલાઇટ દોડે છે. પોતાના સંબોધનમાં પીએમ મોદી બોલ્યા કે કાશીના ઈન્ફ્રાસ્ટ્રકચરથી અહીં રહેનાર અને બહારથી આવનાર લોકોને ફાયદો થઇ રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે કાશી માત્ર યુપી જ નહીં પંરતુ આખા પૂર્વાંચલ માટે સ્વાસ્થય સુવિધાઓનું હબ બની રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે હવે પૂર્વાંચલના લોકોને વારંવાર દિલ્હી આવવું પડતું નથી, વારાણસીમાં કેટલીય સુવિધાઓ શરૂ કરી દેવાઇ છે. પીએમ મોદીએ કહ્યું કે ખેડૂતો માટે લાવવામાં આવેલા બિલથી નાના ખેડૂતોને લાભ મળી રહ્યો છે અને વચેટિયા સંપૂર્ણપણે બહાર થઇ ગયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અહીં વારાણસીના લોકો સાથે વાત કરી. પીએમ મોદીએ બાસ્કેટબોલ પ્લેયર પ્રશાંતિ સાથે ચર્ચા કરી. વારાણસી સ્ટેડિયમમાં ચેન્જિંગ રૂમ બનાવાને લઇ પ્રશાંતિ એ પીએમ મોદીનો આભાર માન્યો. આ સિવાય પીએમ મોદીએ એક વેપારી સાથે વાત કરતાં અપીલ કરી અને કહ્યું કે મજૂરો માટે ફેકટરીમાં સારી વ્યવસ્થા કરવી જોઇએ. પીએમ મોદીએ બાસ્કેટબોલ પ્લેયર પ્રશાંતિ સાથે પણ ચર્ચા કરી હતી. વારાણસીના સ્ટેડિયમમાં ચેંજિંગ રૂમ બનાવવાને લઇને પ્રશાંતિએ પીએમ મોદીનો આભાર માન્યો હતો. પીએમ મોદીએ એક વ્યાપારી સાથે વાત કરતા અપીલ કરી અને કહ્યુ કે મજૂરો માટે ફેકટરીમાં સારી વ્યવસ્થા કરવી જોઇએ.

## બિહારમાં તેજસ્વી યાદવને મુખ્યમંત્રીની શુભેચ્છા પાઠવતા પોસ્ટરો લાગ્યા

પટના,તા.૯

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો આવતીકાલે આવવાના છે પરંતુ મહાગઠબંધનના નેતા તેજસ્વી યાદવ આજથી જ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યા છે અને આજથી જ 'મુખ્યમંત્રી ઓફ બિહાર' બની ગયા છે. તેજસ્વી યાદવનો આજે ૩૧મો જન્મદિવસ પણ છે અને આવતીકાલે બિહાર ચૂંટણીનું કાઉન્ટિંગ છે. એવામાં તેજસ્વીના સમર્થક આજથી જ તેમને રાજ્યના સીએમ ગણાવી રહ્યા છે. આપને જણાવી દઈએ કે બિહાર ચૂંટણી બાદ એક્ઝિટ પોલમાં મોટાભાગે મહાગઠબંધનની સરકારની ભવિષ્યવાણી કરાઇ છે. બિહારની રાજધાની પટનાના રસ્તા પર તેજસ્વી યાદવના ભાવિ સીએમવાળા પોસ્ટર પણ લાગ્યા છે. પટનાના રસ્તા પર તેજસ્વીના જન્મદિવસની શુભકામનાઓ પાઠવતા પોસ્ટર લાગ્યા છે. કેટલાંય પોસ્ટરમાં તેમને બિહારના ભાવિ સીએમ ગણાવ્યા છે. સોશિયલ મીડિયા પર 'મુખ્યમંત્રી ઓફ બિહાર' ટ્રેન્ડ કરી રહ્યું છે. આપને જણાવી દઈએ કે તેજસ્વી મહાગઠબંધનના સીએમ પદના ઉમેદવાર પણ છે અને જો મહાગઠબંધન બિહાર ચૂંટણીમાં જીતે છે તો તેમનું સીએમ બનવાનું નક્કી છે. તેજસ્વીએ આખા પ્રચાર દરમ્યાન રોજગારી અને બદલાવનો મુદ્દો ઉઠાવ્યો હતો અને તેમનો કોર વોટરની સાથો સાથ યુવા વોટરોનું પણ સમર્થન તેમને મળતું દેખાઇ રહ્યું હતું. સોશિયલ મીડિયા પર શુભેચ્છાઓ મળી રહી છે

## મ.પ્રદેશના ભોપાલમાં મોટી દુર્ઘટના: જમીન ધસી પડતાં ૪ બાળકોના મોત

ભોપાલ,તા.૯

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલની પાસે બરખેડી ગામમાં માટી ખોદતી વખતે જમીન ધસી પડતાં ૪ બાળકોના મોત થતાં વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી અનુસાર મધ્યપ્રદેશના આ ગામમાં ૭ બાળકો માટી ખોદવા ગયા હતા જેમાં ૬ બાળકો દટાયા હતાં. જેમાંથી ૪ બાળકોને સારવાર અર્થે લઈ જતી વખતે જ રસ્તામાં જ મોત થયું હતું. જયારે હાલમાં ૨ની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. બાળકોની ઉંમર ૫થી ૧૨ વર્ષની બતાવવામાં આવી રહી છે. હાલમાં તમામ ઈજાગ્રસ્તોને હમીદિયા હોસ્પિટલ મોકલી દેવાયા છે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર મધ્યપ્રદેશના ભોપલના બરખેડી ગામમાં સવારે જમીન ધસી પડતાં ૪ બાળકોના મૃત્યું થયા છે. બધા બાળકોની ઉંમર ૫ થી ૧૨ વર્ષની વચ્ચે હોવાનું સામે આવ્યું છે.

સૂત્રોને મળતી જાણકારી મુજબ ગામમાં ૭ બાળકો માટી ખોદવાનું કામ કરવા ગયા હતા. આ દરમિયાન જમીન ધસી પડી અને ૬ બાળકો દબાઇ ગયા હતો. જો કે બાળકોને તરત બહાર નિકાળી લેવામાં આવ્યાં હતા અને હોસ્પટલ સારવાર માટે ખસેડવામાં આવ્યાં. જેમાંથી ૪ બાળકોનાં મૃત્યું થાય છે જયારે અન્ય બે બાળકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

આ દૂર્ઘટનાને લઇને કલેકટર દ્વાર મૃતક બાળકોના પરિવારજનોને ૪-૪ લાખ રૂપિયાની સહાયતા આપવાની જાહેરાત કરી છે. જયારે પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે પણ બાળકોના મૃત્યું પર શોક પ્રક્ટ કર્યો છે. રાજયના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ટ્વિટ કરી સંવેદના વ્યક્ત કરતા કહ્યું પ્રુભ તેમના આત્મની શાંતિ માટે પ્રાર્થના કરી. જયારે કમલનાથે ઈજાગ્રસ્તો બાળકો માટે ઈલાજની સાથે-સાથે દોષિઓને સામે કાર્યવાહી કરવા માંગ કરી.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૯૭૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૮૧૬૭૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૯૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૬૫૫૮૯**

## તંત્રી સ્થાનેથી...

# મોદીજીનો આત્મનિર્ભર મહામંત્ર સાકાર થઈ શકે..... પરંતુ ક્યારે......?

દેશમાં કોરોના મહામારીને કારણે લાંબા સમય સુધી કરવામાં આવેલા લોક ડાઉનને કારણે કરોડો લોકોએ રોજગારી ગુમાવી છે, કરોડો લોકોએ નોકરી કે આવક ગુમાવી છે. સરકાર દ્વારા અનાજ સહાય સિવાય કોઈ સહાય આમ લોકોને કરી નથી.... જો કે ગરીબોને આર્થિક સહાય કરી પરંતુ કે નહીવત જ કહેવાય.......! બીજી તરફ સરકારે મોટા ઉદ્યોગો, ધનપતિઓને તેમજ મોટા માર્કેટોને લોન માફી આપી,વ્યાજ માફી આપી તે સાથે ધંધા-રોજગાર ધમધમી ઉઠે તે માટે લોન પણ મોટા ઉદ્યોગો ને જ આપી....તેનું કારણ સરકારને વિશ્વાસ હતો કે આ બધો લાભ કોમનમેન સુધી પહોંચશે.... પરંતુ બન્યું છે તદ્દન ઊલટું કોમનમેન હતો ત્યાંનો ત્યાં જ છે. ન તેને રોજગારી મળી કે ન તેને નોકરી મળી.....! જેના પરિણામો દેશભરમાં અત્યારે જોવા મળી રહ્યા છે. મોંઘવારી આસમાનને અડી ગઈ છે...બેકારીનો-બેરોજગારીનો દર વધી ગયો છે. સરકારને એવા સલાહકારો મળ્યા છે કે જેઓને જમીની સ્તર કોને કહેવાય તેનું જ્ઞાન જ નથી.....! નહીં તો દેશમાં કરોડો લોકોને લાભ થાય તે સાથે અર્થતંત્ર દોડતું થઈ જાય તેવી સાચી સલાહ સરકારને આપી હોત. બીજી તરફ કેન્દ્ર સરકારમાં એવા અનુભવી મંત્રીઓ પણ નથી કે જે દેશના લોકોને રોજગાર ધંધા પૂરા પાડવાની વ્યુહરચના બતાવી શકે કે્ અર્થ તંત્રને દોડતું કરી શકે તેવા નીર્ણયો કરી શકે.....!આ દેશમાં અમેરિકાની નીતિ ચાલી ન શકે કે ટ્રમ્પના વિચારો કે નિર્ણયો ચાલે નહીં તે વાત સમજવાની જરૂર છે.....! કેન્દ્ર સરકારે વિશ્વના મહાન ઈમાનદાર અર્થશાસ્ત્રી ડો. મનમોહનસિંહ અને અનુભવી પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ્ કે પછી નરસિમ્હરાવની નીતિનો અભ્યાસ કરી યોગ્ય નિર્ણયો કરવાની જરૂર હતી અને છે. અત્યાર સુધીની સરકારોએ એક વાતને ધ્યાનમાં રાખી હતી કે ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને ૭૦ ટકા જેટલા લોકો શ્રમજીવીઓ,નાના વેપારીઓ અને મધ્યમ વર્ગના છે તે કારણે સામાન્ય લોકોના ખીસ્સામાં પૈસા કઈ રીતે જાય તે માટેના નિર્ણયો કરીને જરૂરી પગલાઓ લેતી હતી તેવા કારણે અર્થતંત્ર દોડતું રહેતું. તેઓ કોમન મેનના ખિસ્સામાંથી પૈસા કાઢવા પગલાં લેતા ન હતા કે લીધા પણ નથી જે તેઓની દુરંદેશીતા હતી... ત્યારે સરકારે દેશના અર્થતંત્રને પાટે ચઢાવવા કોમન મેનને નજરમાં રાખી નિર્ણયો કરવા અતિ જરૂરી છે.....? દેશમાં વડાપ્રધાન શ્રી મોદીજીએ આત્મનિર્ભરનો મહામંત્ર દેશના લોકોને આપ્યો જે ખરેખર આવકારદાયક છે. જોકે દેશમા વર્ષોથી લોકો આત્મનિર્ભર છે. પરંતુ આ મંત્રની સફળતા માટે જે પગલાંઓ લેવા જરૂરી છે- જે નિર્ણયો કરવા જરૂરી છે તે કરવામાં આવ્યા નથી.....! દેશમાં દરેક વિવિધ પ્રકારના ક્ષેત્રોમાં ઉત્પાદનો થતા હતા અને તે પણ દરેક પ્રકારના અને તેના ખરીદનારા પણ હતા. પરંતુ અત્યારના સંજોગોમાં ઉત્પાદન ઘટી ગયું છે તો મોંઘવારીથી આમ પ્રજા ત્રસ્ત છે. લોકોના ખિસ્સામાં પૈસા નથી જેથી ખરીદી નથી..... ત્યારે આપણે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કર્યો છે છતાં ચીન ઉત્પાદિત મોબાઈલો ખરીદવામાં આવી રહ્યા છે.... આવું કેમ....? સરકારે જે તે દેશોમાંથી વિવિધ જરૂરી કાચા મટીરીયલ્સ ઓછી કિંમતે મળી રહે અને તેમાથી દેશમાં ઉત્પાદનો થાય તો ઓછી કિંમતમા તૈયાર થાય અને તે માટેના ખરીદનારા પણ મળી રહે. ચીન કાચું મટીરીયલ જે તે દેશોમાંથી ખરીદે છે અને પોતાને ત્યાં વિવિધ ઉત્પાદનો કરે છે પછી અન્ય દેશોને સસ્તાદરે તેના ઉત્પાદનો અન્ય દેશોને વેચે છે જેના કારણે તેના અર્થતંત્રને નહિવત તકલીફ અત્યારના સમયમાં પડી છે જો કે અન્ય કારણ અનેક દેશોએ તેના ઉત્પાદનો ખરીદવાનું બંધ કર્યું છે તે પણ છે. ત્યારે ભારતને એક સોનેરી તક મળી છે વેચાણ કરવાની.... દેશમાં કરોડો નાના અને મધ્યમ કદના ઉત્પાદન એકમો છે તેઓને જરૂરી મટીરીયલ્સ ઓછી કિંમતે અન્ય દેશોથી ખરીદીને પુરું પાડવામાં આવે તો કરોડો લોકોને રોજગારી મળવાની સાથે વધુ ઓછી કિમતના ઉત્પાદનો થશે અને તે ઉત્પાદનોની નિકાસ પણ કરી શકાશે. જો આવું થાય તો ભારત નિકાસ કરતો દેશ બની જાય અને તે ચીન અને અમેરિકા સહિતના નિકાસ કરતા દેશોને પણ ટક્કર આપી શકે.... તે હકીકત છે. ત્યારે વડાપ્રધાનથી મોદીજીએ દેશના લોકોને આપેલો આત્મનિર્ભર નો મહામંત્ર પણ સાકાર થઈ શકે.... વંદે માતરમ

### કોંગ્રેસે સત્તા પ્રાપ્ત કરવા ૨૮ બેઠકો જીતવી જરૂરી

# આજે મ.પ્રદેશની પેટાચૂંટણીના પરિણામ: ભાજપને સત્તા ટકા રાખવાનો મોટો પડકાર



ભોપાલ,તા.૯

બિહાર વિધાનસભાની ચૂંટણીની સાથે સાથે મધ્ય પ્રદેશની ૨૮ બેઠકો પર પણ પેટા ચૂંટણી યોજાઇ હતી. જેનું પરિણામ ૧૦ નવેમ્બરે મંગળવારે જાહેર કરવામાં આવશે. પેટા ચૂંટણીના પરિણામ મધ્ય પ્રદેશની શિવરાજ સરકારનું ભવિષ્ય નક્કી કરશે. મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણે પોતાની સરકાર બચાવવી છે તો તેમણે ૯ બેઠકો તો જીતવી જ પડશે. બીજી તરફ મધ્ય પ્રદેશ કોંગ્રેસે પણ જીતનો દાવો કર્યો છે. મહત્વપૂર્ણ છે કે રાજયસભાની ચૂંટણી પહેલા જ્યોતિરાદિત્ય સિંધિયાએ કોંગ્રેસમાંથી બળવો કરતા સિંધિયાની સાથે ૨૨ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા જેને કારણે આ બેઠકો ખાલી પડી હતી.

મધ્ય પ્રદેશની ૨૮ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઇ હતી. જેમાંથી ૨૨ બેઠક એવી છે જેમાં કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા અને ભાજપમાં જોડાઇ જતા કમલનાથની સરકાર તૂટી ગઇ હતી અને ફરી શિવરાજ સિંહ ચૌહાણની સરકાર બની હતી. ચોથી વખત મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી બનેલા શિવરાજ સિંહ ચૌહાણ સરકારનું ભવિષ્ય આ ૨૮ બેઠકો પર રહેલુ છે. મધ્ય પ્રદેશમાં અત્યારે ભાજપના ૧૦૭ ધારાસભ્ય છે અને ભાજપને સાદી બહુમતી માટે આ ૨૮ બેઠકમાંથી ઓછામાં ઓછી ૯ બેઠક જીતવી જરૂરી છે. બીજી તરફ જ્યોતિરાદિત્ય સિંધિયા જૂથના ધારાસભ્યોના પક્ષ પલટાથી સત્તા ગુમાવનાર કમલનાથ આ પેટા ચૂંટણી દ્વારા ફરી રાજ્યની સત્તા હસ્તગત કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, તે માટે કોંગ્રેસે તમામ ૨૮ બેઠક જીતવી જરૂરી છે, જે અશક્ય લાગી રહ્યુ છે. મધ્ય પ્રદેશ કોંગ્રેસ મતદાન પછી જીતનો દાવો કરી રહી છે અને રાજયમાં કમલનાથ સરકાર બનવાનો વિશ્વાસ છે. મધ્ય પ્રદેશ જનમત એક્ઝિટ પોલ કોંગ્રેસના ૨૮માંથી ૨૭ બેઠક જીતવાનો દાવો કરી રહી છે જ્યારે બસપાને ૧ બેઠક મળી રહી છે. ભાજપને એક પણ બેઠક આપવામાં આવી નથી.

# હાથરસમાં યમુના એક્સપ્રેસ-વે પર ગાઢ ધુમ્મસના કારણે આઠ કાર વચ્ચે અકસ્માત: બેના મોત

હાથરસ,તા.૯

ઉત્તર પ્રદેશના હાથરસમાં યમુના એક્સપ્રેસ વે પર આજે સવારે ગાઢ ધૂમ્મસના પગલે એક સાથે આઠ કાર એકબીજાની સાથે અથડાઇ હતી. બે વ્યક્તિનાં મરણ થયાં હતાં અને બીજા સાત આઠ જણને ગંભીર ઈજા થઇ હતી. ઈજાગ્રસ્તોને આગ્રાની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

આ વરસે ઉત્તર પ્રદેશ, પંજાબ, ચંડીગઢ વગેરે રાજ્યોમાં પાક લણણીની પહેલાં પરાળ બાળવાના બનાવો સતત વધતા રહ્યા હતા. બીજી બાજુ શિયાળો શરૂ થઇ રહ્યો હતો એટલે યમુના એક્સપ્રેસ વે પર ગાઢ ધૂમ્મસ જેવું થઇ ગયું હતું અને વિઝિબિલિટી ઘટી ચૂકી હતી.

આજે સવારે પોણા સાત વાગ્યે શાદાબાદ પોલીસને એવા સમાચાર મળ્યા હતા કે એક સાથે સાત આઠ કાર એકબીજાની સાથે અથડાઇ છે. પોલીસ તરત ઘટના સ્થળે ધસી ગઇ હતી અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં તેમજ હૉસ્પિટલમાં પહોંચાડવાના રાહત કાર્યમાં વ્યસ્ત થઇ ગઇ હતી એમ પોલીસ કમિશનર વિનિત જયસ્વાલે મિડિયાને માહિતી આપતાં કહ્યું હતું.

ગયા વરસે આ જ એક્સપ્રેસ વે પણ ૨૪ કાર એકબીજાની સાથે અથડાઇ હતી. એક્સપ્રેસ વેને ક્લીયર કરવા માટે ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત કાર્સને ખસેડવાની કામગીરી ચાલુ હતી.

# વળતર એટલુ ન હોવુ જોઈએ કે પતિ ગરીબ થઈ જાય: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૯

છૂટાછેડા બાદ ભરણપોષણ મામલે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે અન્ય કોર્ટને કહ્યું છે કે છૂટાછેડા પછી ભરણપોષણનો નિર્ણય લેતી વખતે દરેક કોર્ટેએ જોવું જોઈએ કે વળતરની રકમ ન્યાયી હોય, રકમ એટલી ન હોવી જોઈએ કે પતિ છૂટાછેડા પછી કંગાળ બની જાય. લગ્ન નિષ્ફળ જવાએ પતિ માટે સજા ન હોવી જોઈએ. જજ ઈન્દુ મલ્હોત્રા અને સુભાષ રેડ્ડીની ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો કે ભરણપોષણ વધારે ન હોવું જોઈએ, સાથે જે કોર્ટે કહ્યું કે ભરણપોષણ માટે પત્ની પોતાના ખર્ચ અને જરૂરીયાતોને વધારીને રજૂ કરે છે. સુપ્રીમ કોર્ટે આ તકે એમ પણ જણાવ્યું હતું કે પતિ પણ તેની આવક ઓછી કહે છે, જેથી તેણે ઓછામાં ઓછું વળતર આપવું પડે. આ માટે, પતિ અને પત્ની બંને પાસેથી એફિડેવિટ લેવું એ શ્રેષ્ઠ વિકલ્પ છે. જેમાં તેમની આવક, સંપત્તિ અને જવાબદારીઓની વિગતો નોંધવી જોઈએ. તેનાથી કોર્ટને ભરણપોષણ અંગે નક્કી કરવાનું સરળ બનશે અને વાસ્તવિક રકમ નક્કી કરી શકાશે. આ સાથે જ કોર્ટે કહ્યું હતું કે પત્ની નોકરી કરતી હોય તે વાતને લઈ તેને ભરણપોષણ આપવાની મનાઈ કરી ન શકાય. આવા કેસમાં જોવાનું એ રહેશે કે પત્નીની આવક તેની જરૂરિયાત પુરી કરી શકે તેમ છે કે નહીં. જો આવક પૂરતી ન હોય તો નોકરી કરતી પત્નીને પણ ભરણપોષણ આપવું જરૂરી છે.

### એનજીટીનો મોટો નિર્ણય

# ખરાબ એર ક્વોલિટીવાળા રાજ્યોમાં ૩૦ નવેમ્બર સુધી ફટકડા ફોડવા પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી,તા.૯

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો ફટાકડા મુદ્દે એક મહત્વપૂર્ણ આદેશ કર્યો છે. એનજીટીએ ફટાકડા મુદ્દે દેશના તમામ રાજ્યો પર નિર્ણય છોડ્યો છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે પોતાના આદેશમાં જણાવ્યું છે કે ૨૦૦થી વધુ એક્યુઆઈ હોય ત્યાં જે તે રાજ્ય નિર્ણય કરે કે દિવાળીમાં ફટાકડા ફોડવા કે નહીં. પરંતુ દિલ્હી—એનસીઆરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. કોવિડ વૃદ્ધિની સંભાવનાને જોતા ડ્રાઈવનો આદેશ પણ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે આપ્યો છે. વાયુ પ્રદૂષણ રોકવા ડ્રાઈવ યોજવાનો નિર્દેશ અપાયો છે.

દેશના એવા રાજ્યો અને શહેરોમાં જ્યાં વાયુની ગુણવત્તાની પરિપૂર્ણતા ખરાબની કેટેગરીમાં છે, ત્યાં ફટાકડાના ઉપયોગ અને વેચાણ પરના પ્રતિબંધ અંગે એનજીટીનો આદેશ ૯ નવેમ્બરની મધ્યરાત્રીથી ૩૦ નવેમ્બરની મધ્યરાત્રી સુધી લાગુ રહેશે. શહેરોમાં જ્યાં આસપાસની હવાની ગુણવત્તા મધ્યમ છે, ત્યાં ફક્ત ગ્રીન ફટાકડા વેંચી શકાય છે. ફટાકડા ફોડવા માટે માત્ર બે કલાકનો આદેશ આપવામાં આવ્યો છે. ગુરુવારે એનજીટીના અધ્યક્ષ ન્યાયાધીશ આદર્શ કુમાર ગોયલની ખંડપીઠે આ કેસમાં પોતાનો આદેશ આપતા પહેલા સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સાથે ફટાકડા ફોડનારા સંગઠનની સુનાવણી કરી હતી. ભારતીય ફાયરવર્ક મેન્યુફેકચર્સ એસોસિએશન વતી વરિષ્ઠ એડવોકેટ મહેશ જેઠમલાણીએ દલીલ કરી. અમિકસ તરીકે વરિષ્ઠ એડવોકેટ રાજ પંજવાણીએ પણ કેન્દ્ર અને સીપીસીબીની દલીલો સાંભળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી-એનસીઆરમાં વધી રહેલા વાયુ પ્રદૂષણને ધ્યાને લઈ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલએ મોટો નિર્ણય આપ્યો છે. એનજીટીએ સોમવારે પોતાના આદેશ આપતાં દિલ્હી-એનસીઆરમાં ૩૦ નવેમ્બર સુધી ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે બાકી રાજ્યોમાં જ્યાં એર ક્વોલિટી ખરાબ કે ખતરનાક સ્તર પર છે, ત્યાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ હશે.

## ટ્રમ્પ ખુરશી છોડે તે પહેલાં ચીન વિરુદ્ધ આર્થિક-રાજકીય મોરચે મોટા નિર્ણયો લે તેવી શક્યતા

વોશિંગ્ટન,તા.૯

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની ચૂંટણીમાં મળેલી હારને હજી સ્વીકારવા માટે તૈયાર નથી તેમ લાગે છે.જોકે હરિફ ઉમેદવાર જો બાઈડેનની જીતની સત્તાવાર જાહેરાત જ બાકી છે ત્યારે એવી આંશકા વ્યક્ત કરાઈ રહી છે કે, પોતાના બચેલા કાર્યકાળમાં ટ્રમ્પ એવુ કરી જશે જેના કારણે બાઈડ્નની રાષ્ટ્પતિ પદ સંભાળ્યા બાદની મુશ્કેલીઓ વધી જશે.

ટ્રમ્પે જાન્યુઆરી મહિનામાં વ્હાઈટ હાઉસ છોડવાનુ છે. હવે તેમના શાસનના બાકીના દિવસોમાં ટ્રમ્પ ચીન સામે આર્થિક અને રાજકીય મોરચે મોટા નિર્ણયો લઈ શકે છે. ટ્રમ્પ કોરોના માટે ચીન પર સીધો આરોપ મુકતા આવ્યા છે. તેવામાં અમેરિકાને આ મહામારીના કારણે થયેલા નુકસાનની ભરપાઈ માટે ટ્રમ્પ ચીન પર કેટલાક પ્રતિબંધો પણ લાદી શકે છે.

ચીન સાથે વાટાઘાટો કરનાર ટીમના સભ્ય અને જ્યોર્જટાઉન યુનિવર્સિટીના અધ્યાપક જેમ્સ ગ્રીનનુ કહેવુ છે કે, ટ્રમ્પ સરકારે ક્યારેય કોઈ ચોક્કસ ધારા ધોરણ બનાવ્યા જ નથઈ ત્યારે શાસન હેન્ડ ઓવર કરવાની પ્રક્રિયાને લઈને પણ ચિંતા થઈ રહી છે.ચાઈનિઝ મીડિયાના કહેવા પ્રમાણે પણ વિદેશ નીતિને લગતા નિર્ણયો માટે ટ્રમ્પને સેનેટની મંજૂરી લેવાની પણ જરુરી નથી.

# એલએસી પર સેના ખસેડવા મુદ્દે ભારત-ચીન વચ્ચે સંમતિ સધાઈ

ન્યુ દિલ્હી,તા.૯

લાઈન ઑફ કન્ટ્રોલ પરથી લશ્કર ખસેડી લેવાના મુદ્દે ચીન સાથે સંમતિ સધાઇ હોવાની ઔપચારિક જાહેરાત કરાઇ હતી.. છઠ્ઠી નવેંબરે બંને પક્ષના કોર કમાન્ડર લેવલે થયેલી ચર્ચામાં આ મુદ્દો ઉપસ્યો હતો અને બંને પક્ષ પોતપોતાના લશ્કરને ખસેડી લેવા સંમત થયા હતા.

આ બેઠકમાં ટેંકો અને આર્મર્ડ વાહનો પણ ખસેડી લેવાના મુદ્દે સંમતિ સધાઇ હતી. કેટલાંક સ્થળેથી ગતિરોધ હટાવવાના મુદ્દે પણ બંને પક્ષ સંમત થયા હતા.

ભારતીય લશ્કરી પ્રવક્તાએ કહ્યું હતું કે લદ્દાકમાં તનાવના મુદ્દે બંને પક્ષના લશ્કરી અધિકારીઓ વચ્ચે આઠમા તબક્કાની ચર્ચા ચુશુલમાં યોજાઇ હતી. આ ચર્ચા રચનાત્મક નીવડી હતી. બંને પક્ષે સઘન મુદ્દા ચર્ચ્યા હતા. સ્પષ્ટ શબ્દોમાં થયેલી આ વાતચીત દરમિયાન ભારત અને ચીને એક સહિયારા નિવેદનમાં સ્વીકાર્યું હતું કે બંને પક્ષે પોતપોતાના લશ્કરને પાછાં ખેંચવાના મુદ્દે સહમતિ સાધી હતી અને કોઇ પણ પ્રકારની ગેરસમજથી દૂર રહેવાનું નક્કી કર્યું હતું.

બીજિંગ અને નવી દિલ્હીમાં પ્રગટ કરાયેલા નિવેદનમાં જણાવાયા મુજબ બંને પક્ષે રાજદ્વારી નેતાઓ અને લશ્કરી અધિકારીઓ વચ્ચે સંવાદ સાધવા અને વિચાર વિનિમય દ્વારા આગળ વધવા સહમતિ સાધી હતી. શુક્રવારે છઠ્ઠી નવેંબરે ચુશુલમાં સાડા દસ કલાક ચાલેલી મંત્રણાના પગલે આ સહમતિ સધાઇ હતી.

### પશ્ચિમ બંગાળ ભાજપ અધ્યક્ષની ખૂલ્લેઆમ ધમકી

# મમતા દીદીના લોકો સુધરી જાય નહિતર હાડકાં-પાંસળા તોડી નાખીશુ

કોલકાત્તા,તા.૯

પશ્ચિમ બંગાળના ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ દિલીપ ઘોષે કાર્યકર્તાઓને સંબોધિત કરીને મુખ્યમંત્રી મમતા બેનર્જીના સમર્થકોને ખુલ્લેઆમ હાડકાં-પાંસળા તોડવાની ધમકી આપી છે. એક કાર્યક્રમ દરમિયાન દિલીપ ઘોષે કહ્યુ, ‘હું ઉત્પાત મચાવનનાર મમતા દીદીના લોકોને કહેવા માંગુ છુ કે તેમની પાસે છ મહિનાનો સમય છે, ખુદને સુધારી લે. નહિતર તેમના હાથ, માથુ અને પાંસળીઓ તોડી નાખવામાં આવશે. તમારે લોકોએ ઘરે જતા પહેલા હોસ્પિટલ જવુ પડશે.‘

દિલીપ ઘોષે માત્ર આટલુ જ નથી કહ્યુ પરંતુ તેમણે આગળ પણ કહ્યુ, ‘તેમછતાં આ લોકોએ જો વધુ ઉત્પાત મચાવ્યો તો તેમને સ્મશાન ગૃહમાં મોકલી દેવામાં આવશે.‘ દિલીપ ઘોષે આ નિવેદન રવિવારે હલ્દિયામાં એક જનસભાને સંબોધિત કરીને આપ્યુ હતુ. આ નિવેદનનો વીડિયો ટ્વિટર પર વાયરલ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે આખા પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી ‘દીદી‘ના નામથી ઓળખાય છે. દિલીપ ઘોષે કહ્યુ, આવતી વિધાનસભા ચૂંટણીમાં દીદીની પોલિસ બેસી રહેશે અને દાદાની પોલિસ પોતાનુ કામ કરશે. રાજ્ય પોલિસને બુથથી ૧૦૦ મીટરના અંતરે એક વૃક્ષ નીચે બેસાડી દેવામાં આવશે અને ત્યાં બેસીને માત્ર મતદાન જોશે.

### પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબાનુ ભડકાઉ નિવેદન

# કાશ્મીરમાં યુવાઓ પાસે બંદુક ઉઠાવવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી

જમ્મૂ,તા.૯

જમ્મુ કાશ્મીરના પૂર્વ સીએમ મહેબૂબા મુફતીએ એવુ નિવેદન આપ્યુ છે કે, તેના કારણે તેમનો પાકિસ્તાન તરફેનો ઝુકાવ ફરી સામે આવ્યો છે.

મહેબૂબા મુફતીએ ચીન સાથે જે રીતે વાતચીત થઈ રહી છે તે જ રીતે પાકિસ્તાન સાથે પણ વાટાઘાટો કરવાની સલાહ આપી છે.તેમણે સવાલ પૂછ્યો છે કે જો ચીન સાથે વાતચીત થતી હોય તો પાકિસ્તાન સાથે કેમ નહીં ...આ પહેલા રાજયના પૂર્વ સીએમ ફારુખ અબ્દુલ્લા ચીનની મદદથી કાશ્મીરમાં કલમ ૩૭૦ ફરી લાગુ કરવા માટે જાહેરાત કરી ચુક્યા છે.

દરમિયાન મહેબૂબા મુફતીએ કહ્યુ હતુ કે, આપણે ચીન સાથે વાત કરી શકતા હોય તો પાકિસ્તાન સાથે પણ વાત કરવામાં શઉં વાંધો છે.આપણે તો ચીનને આપણી પોતાની જમીન પાછી લેવા માટે આજીજી કરી રહ્યા છે.

મહેબૂબા મુફતીએ ભડકાઉ નિવેદન આપતા કહ્યુ હતુ કે, આજે કાશ્મીરમાં યુવાઓ પાસે નોકરી નથી આ સંજોગોમાં તેમની પાસે હથિયાર ઉઠાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નથી.આતંકી કેમ્પોમાં ભરતી વધવા માંડી છે.ભાજપ જમ્મુ કાશ્મીરની જમીનને વેચી દેવા માંગે છે.આજે બહારથી આવનારા લોકો કાશ્મીરમાં નોકરીઓ કરી રહ્યા છે પણ કાશ્મીરના યુવાઓને નોકરીઓ મળી રહી નથી. જમ્મુ પહોંચેલા મહેબૂબાએ કહ્યુ હતુ કે, વાલ્મિકિ સમાજ કે પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓને મળનારા અધિકાર સામે આમને વાંધો થી પણ જમ્મુની હાલત તો કાશ્મીર કરતા પણ વધારે ખરાબ છે.કલમ ૩૭૦ હિન્દુ કે મુસ્લિમ સાથે જોડાયેલો વિષય નથી પણ રાજયની આગવી ઓળખ માટે આ કલમ છે.ભાજપે તો કાશ્મીરી પંડિતોને ફરી વસાવવાનો વાયદો કર્યો હતો પણ તેના પર કોઈ કામ થયુ નથી.

### ફાધર વાલેસના નિધનથી ગુજરાતી સાહિત્યજગતને મોટી ખોટ

# ‘સવાયા ગુજરાતી‘ ફાધર વાલેસનું ૯૫ વર્ષની વયે સ્પેનમાં નિધન

લોગરોનો,તા.૯

સ્પેનમાં જન્મેલા અને ગુજરાતમાં વર્ષો સુધી ગણિત શીખવનારા પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર ફાધર વાલેસનું ૯૫ વર્ષની જૈફ વયે સ્પેનમાં અવસાન થયું છે. ગુજરાતી સાહિત્યમાં તેમણે કરેલા પ્રદાન માટે તેમને કુમાર ચંદ્રક રણજિતરામ સુવર્ણચંદ્રકથી પણ નવાજવામાં આવ્યા હતા.

ફાધર વાલેસ નિવૃત્તિ બાદ પોતાના વતન ચાલ્યા ગયા હતા. કાર્લોસ જી વાલેસનું પૂરું નામ ધરાવતા ફાધર વાલેસને ગુજરાતની પ્રજાએ પણ ભરપૂર પ્રેમ આપ્યો હતો. સ્પેનિશ હોવા છતાં તેઓ ગુજરાતી શીખ્યા હતા, અને સવાયા ગુજરાતી બની રહ્યા હતા.

૨૦૧૫માં ફાધર વાલેસે પોતાનો ૯૦મો જન્મદિન વિડીયો વિડીયો કોન્ફરન્સથી તેમણે વર્ષો સુધી જ્યાં અધ્યાપન કર્યું હતું તેવી સેન્ટ ઝેવિયર્સ કોલેજના સ્ટૂડન્ટ્સ અને પોતાના જૂના સાથીઓ સાથે ઉજવ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે અમદાવાદે તેમને જે પ્રેમ આપ્યો તેનાથી તેઓ પોતે સ્પેનમાં હતા કે ગુજરાતમાં તે જ ભૂલી ગયા હતા.

ફાધર વાલેસે એમ પણ જણાવ્યું હતું કે એવો એક પણ દિવસ નહીં હોય કે જ્યારે મને અમદાવાદની યાદ ના આવી હોય. ઈંગ્લિશ અને બીજી ભાષાઓ કરતા ગુજરાતી તેમના દિલની સૌથી વધુ કરીબ હતી તેવું તેમણે પોતે જ કહ્યું હતું. ફાધર વાલેસે મેથ્સ પર લખેલું પુસ્તક ગણિતનું બાઈબલ ગણાય છે.



૧૯૫૮માં ફાધર વાલેસે સેન્ટ ઝેવિયર્સમાં ભણાવવાનું શરુ કર્યું હતું. તેમના સહકર્મી પ્રોફેસર એસપી નાયકે તે દિવસને યાદ કરતા જણાવ્યું હતું કે ૧૯૫૮માં ફાધર વાલેસને જ્યારે ઈન્ટ્રોડ્યુસ કરાયા ત્યારે કહેવામાં આવ્યું હતું કે તેઓ ગુજરાતીમાં જ સ્ટૂડન્ટ્સને ભણાવશે. એક સ્પેનિશ વ્યક્તિ કેવી રીતે ગુજરાતીમાં ભણાવી શકે તે જોવા માટે સૌ કોઈ ઉત્સુક હતા, અને ફાધર વાલેસે ખરેખર તેમ કરી કોલેજના પ્રોફેસર્સને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

ફાધર વાલેસ ગુજરાતમાં રહ્યા તે દરમિયાન તેમણે ૭૫ જેટલા પુસ્તકો લખ્યા હતા. આ સિવાય તેઓ અનેક મેગઝીન અને અખબારોમાં પણ નિયમિત કોલમ લખતા હતા. તેમના ગુજરાતીમાં લખાયેલા પુસ્તકોનો સ્પેનિશમાં પણ અનુવાદ થયો હતો. તેમના ગુજરાતીમાં લખેલા પુસ્તક લગ્ન સાગર, સદાચાર, વ્યક્તિ ઘડતર અને શબ્દલોક ખૂબ જ લોકપ્રિય થયા હતા.

ફાધર વાલેસ માત્ર એક ખ્રિસ્તી ધર્મપ્રચારક કે શિક્ષક જ નહીં પરંતુ સર્જનાત્મક વ્યક્તિ હતા. તેમના પુસ્તકોમાં તેમની કલ્પના અને સર્જનાત્મકતાના દ્રષ્ટિકોણ છલકાતા હતા. સ્પેનિશ હોવા છતાં ફાધર વાલેસ ગુજરાતી ભાષાના મૂળ સુધી પહોંચ્યા હતા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

અરે ઓ માનવ ના થાતો તું ઉદાસ
રાખજે કુદરત પર હરપલ વિશ્વાસ
આ વિશ્વભર ની મહામારી દૂર થાશે
રોગ મુક્ત થાતાં સુખ શાન્તિ સ્થપાશે
છે લોકડાઉન તો પરિવાર ને સમજી લે
ઘર આંગણની મીઠી છાંવ માણી લે
હોય જરીક નાસ્તિકતા દિલ મહીં તારા
પ્યારો બની પ્રભુનો ગુણ કર ગાવાના
દિલમાં હોંસલા ની જ્યોત જગાવી લે
દેર છે ભગવાન ને અંધેર નથી માની લે
ફરી સજાશે પુષ્પમાળા ભક્તના હાથમાં
લાગશે લંબી કતાર મંદિર ગુરુદ્વાર માં
થાશે શરુ દિપમાલા આરતી શંખ ધ્વનિ
હશે ચહલપહલ માનવ પશુ પંખી તણી
ઉદ્યોગ વેપાર ધમ ધમશે અવનિ મહીં
કરે ?? પ્રાર્થના "મન" કુદરત ને દિલથી
"મન"કેનેડા

---

શબ્દવાણી તણુ ઝરણુ
મુખ ગંગા થકી વહેતુ રહે
હોય શુધ્ધ પવિત્ર એ ખરે
છે કવિતા □દય ઉદ્ ગાર રે
ન લગાવો કરફ્યુ તેના પરે
પ્રસરવા દો ધારા પ્રેમની
ના રોકો લાગણી લોકડાઉથી
ભરાઇ ગયાં છે હૈયાં સહુનાં
કવિતા રુપે હળવા થાવાના
સ્વ ગૃહે થયા છે સહુ નજરકેદ
છીએ ઘણા સ્નેહિ સગાથી દૂર
બંધન કોરોનાનું બન્યા મજબૂર
વોટ્સએપ દ્વારા લખીહાય શ્રીરામ
મજા માણીયે કરી સૌના મુખ દર્શન
"મન"મારુ સહુને મળવા ચાહે
રુબરુ મળતાં દિલ હર્ષિત થાયે
"મન"કેનેડા

---

જીભની માયા
જીભ છે નરમ મૃદુ રસાસ્વાદની જાણકાર
રહેતી મુખમહીં શાણપણ સમજી
જેના બત્રિસ દાંત છે ચોકીદાર
સ્વાદ પારખું તો કુશળ જણાય
કડવું તીખું તેને તુર્ત જ સમજાય
સુપાચ્ય હો તો સદા કરે સ્વીકાર
ઉદરકૂંડમાં તેના થકી જ હોમાય
સુયોગ્ય ખાધ્ય ને ગ્રહણ કરતી
અયોગ્ય હોય તો મુખથી ફેંકતી
ખાણી પીણીમાં રાખે સંયમ શિસ્ત
શરીરને રાખવા શુધ્ધ ને તંદુરસ્ત
થાતી કડવી વાણી ને ગાળ ઉચ્ચારે
તોડાવે દાંત શરીરનાં હાડ જ ભગાવે
મધુર વાણીથી સ્નેહીમાં સ્નેહ વધારે
કટૂ વચનના ઉદગારે કડવાશ પ્રસારે
જેથી સદા જીભ પર જો સંયમ રખાય
તન મન દુરસ્ત રહે જીવન સુખી થાય
મન કેનેડા

---

તન થાક્યુ મન માં ઉમંગ
આવી ઉભો જિંદગીના પંચોતેરમા વર્ષે
મનોકામના ખરી સો સાલ હર્ષથી વિતે
તન કંઇક થાક્યું છે મન માં ઉમંગ વહે
ભલે શરીર ના સાથ દે જોમ સબળ છે
થઇ સર્જરી બાયપાસ ઘૂંટણ આંખની
આત્મા રહ્યો નિરોગી છેકૃપા કુદરતની
વિતાવી જિંદગી મુશ્કેલમાં ખુમારીથી
ભલે થયા રિટાયર્ડ હજુ ટાયર્ડ નથી
મળે છે પરિવાર નો પ્યાર ને સન્માન
હૂંફ જિવનસાથી ની છે સાચેજ મહાન
મારા સ્નેહિ મિત્રોને શિખ અર્પણ કરું
"મન" મજબૂત રાખશો તો રહેશે રુડુ
મન કેનેડા

---

"નાટક"યાને નથી ટકવાનું જે થયુ વિશ્વમાં
કોરોના વાયરસ પણ ચાલ્યો જશે ટૂંકમાં
બચપણ વિતાવ્યુ ભોળપણ મહીં
આવી જુવાની સ્હેજમાં
દુખના દિવસો વિતાવ્યા સહુએ
સુખ પામ્યા સહજમાં
આવતાં ઘડપણ શરીર શિથીલ થયું
અંગનાં કાર્ય નિસ્તેજ બન્યાં
હતા જે ભેરુ સગા સ્નેહી જીવનમાં
છુટ્યા રુઠ્યા કોઇ સાથ છોડી ગયા
જેમ ખિલ્યું લીલુ તરુવર વસંતમાં
ખરતાં પર્ણ સુકાયું પાનખર માં
દાદા પર દાદા એ જગ્યા કીધી
પુત્ર પરિવાર કેરી વ્યવસ્થામાં
હતું એકચક્રી શાસન કોંગ્રેસ નું
સત્તા ચલાવી એન્ટોનિયાએ ભારતમાં
ચ્હા ની કિટલી ફેરવતો એક જુવાન
નરેન્દ્ર વડાપ્રધાન વર્ચસ્વ છે વિશ્વમાં
છે નિયમ કુદરત તણો ખિલ્યુ તે કરમાય
ના ટકે જે સદાય તેને "નાટક" કહેવાય
"મન" કેનેડા
"મન"કેનેડા

ચોખવટ
સેવાકીય કાર્યકર પોપટભાઈ ફોઉન્ડેશન દ્વારા ઘણા સારા કાર્ય કરવામા આવે છે, તેમાંથી જે એક નદી કાંઠે ઝૂંપડું બાંધી ને રહેતા વૃદ્ધ માજી નો વિડિઓ સોશ્યિલ મીડિયા મારફતે ફરતો થયો છે, તેનાથી માજીને સહાય મળી રહેશે જે ખૂબ સારું કાર્ય છે કે આવા નિઃસહાય વૃદ્ધ માજી ને ટેકો કર્યો..
પરંતું.......
જયારે વાત એમના દીકરા ઓ કે દીકરીઓ ની આવે તો તે વિડિઓ માં તદ્દન ખોટુ છે કે એમના પરિવાર એમની મદદ નથી કરતા..; પરિવારે ઘણી આજીજી કરી પણ માજી એક ના બે નથી થતા.; એમના દીકરા તરફ થી પણ ખુબ આગ્રહ છે પરંતુ માજી ના સ્વભાવ ના કારણે આવી પરિસ્થિતી ઉભી થઇ છે.
આ વાત ભાવનગર માં રહેતા વ્યક્તિ તથા એમનુ આખું ગરાળ ગામ જાણે છે કે માજી ના સ્વભાવ ના લીધે આ પરિસ્થિતિ ઉભી થઇ છે. તથા માજી દ્વારા એમના પરિવાર ને ખૂબ હેરાન કર્યા છે તથા વૃધ્ધાઅવસ્થા ને લીધે માનસિક હાલતે વારંવાર ગાળો આપે છે, માજી ને બહું બધી વાર ઘરે પણ લાવેલા છે પરંતુ માજી નથી રહેતા એમના માટે અલગ રૂમ પણ આપે છે છતા માજી પરિવાર સાથે જગડો કર્યા કરે છે. બીજી ઘણી બાબત છે જે અહીં વર્ણવી ના શકાય એવી હદે હેરાન કરવામાં આવ્યા છે.; છતાં દીકરા તથા વહુ ના સારા સ્વભાવ ના કારણે માજી ને સપોર્ટ કરતા રહ્યા છે.
માજી એ જમીન વહેંચી દીધી પણ ૧ રૂપિયો દીકરા ને નથી આપ્યો અને દીકરા ઓએ એમની આશા નથી રાખી. દીકરાઓ ને વારંવાર સેવા કર્યા નો અબજસ મળ્યો છે છતાં પણ માજી ને ઘરે સાથે રાખવા પ્રયત્ન કરતા રહ્યા છે. માજી નો પરિવાર પણ પોપટભાઈ સાથે સંપર્ક કર્યો એટલે એમણે પણ સ્વીકાર્યું છે કે માજી ના સ્વભાવ ના લીધે આ પરિસ્થિતિ નું નિર્માણ પામ્યું છે. અને વિડિઓ પણ સોશ્યિલ મીડિયા ઉપર થી દૂર કરવામાં આવ્યો છે.
આપ બધા ની જેમ હું પણ આ બધું વિચારતો રહી ગયો પણ જયારે બધું હકીકત જાણી ત્યારે ખબર પડી કે વાસ્તવિકતા કાઈક અલગજ છે...
આપ સૌ ની લાગણી ૧૦૦% સાચી પણ હકીકત કૈક અલગ જ છે. તો આપ સૌ ને વિનંતી કે વિડિઓ આગળ ના મોકલો. આ લખાણ પાછળ મારુ એજ કહેવાનું છે કે જે દેખાઈ એ સાચું નથી હોતું એનું આ જીવતું જાગતું ઉદાહરણ છે.
તથા પરિવાર એકદમ નિર્દોષ છે.
લી........
જયપાલસિંહ રાઠોડ -ગરાળ
૯૬૩૮૧૯૬૧૯૬

---

જયપાલસિંહ ઝાલા- ભાવનગર
૯૮૯૮૯૮૫૦૩૩
ઉપરોક્ત મેસેજ સેવાકીય કાર્ય ને સ્વીકારી અને પોતાના કિંમતી સમય નો ભોગ આપી સફળ બનાવવા ભાવનગર ક્ષત્રિય સમાજ, ભાવનગર જીલ્લા કરણી સેના, યુવા ક્ષત્રિય ગ્રૂપ વરતેજ નો ખુબ ખુબ આભાર...

# કચ્છ બાદ શાહ અમદાવાદમાં પરિવાર સાથે દિવાળી ઉજવે તેવી શક્યતા



અમદાવાદ,તા.૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ફરીથી ૨ દિવસ માટે ગુજરાત પ્રવાસે આવવાના છે. કેન્દ્રીય ગૃહમંત્રી કચ્છમાં ૨ દિવસ રોકાણ કરશે. આ વખતે તેઓ કચ્છના રણોત્સવમાં હાજરી આપશે. ૧૨ નવેમ્બરે ધોરડો ખાતે યોજનારા કાર્યક્રમ અંતર્ગત રોકાણ કરશે. દેશના ગૃહમંત્રી અમિત શાહ તા. ૧૧ નવેમ્બરના રોજ રાત્રે ધોરડો આવશે. ખાસ હેલિકોપ્ટર મારફતે તેઓ કચ્છમાં આવશે અને ધોરડોની તંબુ નગરીમાં રાતવાસો કરે તેની તૈયારીઓ હાલ કચ્છમાં શરૂ કરી દેવાઈ છે.

સુરક્ષા સંદર્ભે બીએસએફ અધિકારીઓ સાથે પણ એક બેઠક કરી શકે છે. ધનતેરસના દિવસે પોતાની ઓફિસમાં લક્ષ્મીપૂજા કરશે. ચૌદસે વસ્ત્રાપુરાના પરમેશ્વર મહાદેવ મંદિરે તેઓ પુજા કરશે અને દિવાળીના દિવસે પરિવાર સાથે તેઓ સમય વિતાવશે. બેસતા વર્ષનાં દિવસે અમિત શાહ વસ્ત્રાપુર હવેલી ખાતે કરશે, ત્યારબાદ પરિવાર સાથે દર્શન કરશે. ગુજરાત ભાજપના મુખ્ય નેતાઓ સાથે પણ તેઓ મુલાકાત કરી શકે છે.

બીજા દિવસે ૧૨મીના સવારથી તેઓ સરકારી વિભાગ દ્વારા વિવિધ યોજનાના સ્ટોલ મુલાકાત લેશે, જયાં કેટલીક યોજનાઓને ખુલ્લી પણ મૂકી શકે છે.

સવારે ૧૧થી ૨ દરમ્યાન કચ્છના ૧૦૫ મળીને બનાસકાંઠા, પાટણ એમ ત્રણ જિલ્લાના સરહદી ગામોના સરપંચો તેમજ અધિકારીઓ સાથે બેઠક કરશે. સાથે જ તેઓ સંબોધન પણ કરશે. સરહદી ગામોના વિકાસ માટે મળતાં નાણાં કઇ રીતે ઉપયોગમાં લેવામાં આવે છે તેના અભિપ્રાય સરપંચો પાસેથી લેશે.

### કોરોના મહામારી માં થી માનસિક બહાર નીકળવા માટે યુવાનો માં અનેરો ઉત્સાહ

# કેશોદમાં બાપા સીતારામ ગૃપ આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ નો પ્રારંભ



કેશોદઃ(રાજુભાઈ પંડ્યા)

માનવજીવન માં માનસિક શારીરિક ભાવનાત્મક તનાવ દૂર કરવા માટે પૌરાણિક કાળથી રમતગમત માં જોડાઈ દુર કરવાનો અસરકારક કિમીયો બાલ્યાવસ્થા યુવાવસ્થા અને વૃધ્ધાવસ્થા માં સામાન્ય જીવનમાં અપનાવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી નાં કારણે ઉભો થયેલો માનસિક તનાવ દૂર કરી સામાન્ય જનજીવન માં યુવાનો ને લાવવા માટે કેશોદ ખાતે બાપા સીતારામ ગૃપ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ નું ભવ્ય આયોજન કર્યું છે. કેશોદ શહેરના બડોદર- ફાગરી રોડ પર આવેલા મેદાન માં ટુર્નામેન્ટ નો પ્રારંભ ધારાસભ્ય દેવાભાઈ માલમ, પુર્વ ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, સુધરાઈ પ્રમુખ યોગેશભાઈ સાવલીયા અને વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, કેશોદ મોબાઈલ એશોશીએશન નાં પ્રમુખ રાજુભાઈ બોદર હોટેલ રેસ્ટોરન્ટ એશોશીએશન પ્રમુખ લખનભાઇ ભરડાનાં હસ્તે દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. કેશોદ શહેર તાલુકાની યુવાનો ની પચાસેક ક્રિકેટ ટીમો ઉત્સાહભેર જોડાઈ છે. હજુ પણ પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ એન્ટ્રી નોંધવામાં આવી રહી છે. કેશોદ બાપા સીતારામ ગૃપ નાં ભુપેનભાઈ લોઢીયા, વીરાભાઇ સિધલ, હીરાભાઈ સિધલ, અજયભાઈ સુત્રેજા,પ્રિતેષભાઈ દયાતર, હેમલભાઈ પાઠક,એભાભાઈ સુત્રેજા, મનુભાઈ ડાંગર, અમિતભાઈ બાબરીયા સહિતના યુવાનો દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બાપા સીતારામ ગૃપ આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ માં રોજ રોજ રમાડવામાં આવતાં મેચમાં મેન ઓફ ધ મેચ ને ટ્રોફી ઉપરાંત ફાઈનલ મેચમાં વિજેતા ટીમ,રર્નસ અપ ટીમ,મેન ઓફ ધ સીરીઝ ને રોકડ પુરસ્કાર આપવામાં આવનાર છે. લાંબા સમય બાદ રમતગમત ક્ષેત્રે યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટ માં ક્રિકેટ રસીયાઓ મેચ નિહાળવા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આનંદ ઉઠાવી રહ્યા છે. ઉદ્દ્ઘાટન સમારોહ કાર્યક્રમ નું સંચાલન જાણીતા ઉદઘોષક ભરતભાઈ કોરીયા એ કર્યું હતું.

### આદિવાસી સમાજ પ્રકૃતિ પુજક સાથે વિવિધ સંસ્કૃતિઓ ધરાવે છે.

# દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સમાજ આદિકાળથી પરંપરાગત અન્નદેવીની પૂજા બાદજ નવા ઉગેલા ધાન્યને ખાય છે

સતિષ પટેલ દ્વારા વલસાડ
દીવાળી વિશેષ

×કપરાડા તાલુકામાં અન્નદેવી માવલી માતાના સ્થાનક તરીકે સ્થાન ધરાવતા ડુંગરો વડોલી, ચોખાર અને નિમલો ડુંગરો છે. જે પૈકી નિમલો ડુંગર સૌથી જાણીતો છે. જ્યાં કપરાડા, ધરમપુર ઉપરાંત વલસાડ, વાપી, પારડી તેમજ દાદરા નગરહવેલી તથા મહારાષ્ટ્રથી માવલીઓ આવે છે.×

દિવાળીના તહેવારમાં વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા, પારડી નગર હવેલી અને મહારાષ્ટ્ર સહિતના ડુંગરાળ પ્રદેશમાં રહેતા આદિવાસી સમાજ પ્રકૃતિની પૂજા અંતર્ગત વાઘ બારસના ચારેક દિવસ પહેલાથી ગામેગામ અન્નદેવીનું પૂજન ચાલુ કરે છે. વાઘબારસએ રાત્રીના મળસ્કે (સવારે) આદિવાસીઓ સમૂહમાં ડુંગર પર સ્થિત માવલી માતાના સ્થાનક પર જવા નીકળે છે. આદિવાસી સમાજમાં આદિકાળથી તેમની પરંપરાગત માન્યતા મુજબ, અન્નદેવીની પૂજા કર્યા બાદ જ નવા ઉગેલા ધાન્યને ખાઇ શકે છે. આદિવાસી સમાજના લોકો ચોમાસા દરમ્યાન તૈયાર થયેલા ખેતી પાકનું પૂજન કર્યા બાદ જ ખાવું તેવી માન્યતા ધરાવે છે. તેઓ ધાન્યને કનસરી દેવી તરીકે પણ ઓળખે છે. આ અન્નદેવીનું સ્થાન યોગ્ય સ્થળે આવેલા ડુંગરો ઉપર હોય છે. જ્યાં જુદા-જુદા ગામના લોકો ભેગા મળી પૂજા કરવા જાય છે. આદિવાસી માન્યતા પ્રમાણે, ડુંગર ઉપર બિરાજમાન અન્નદેવીની પૂજા કરવા જતા પહેલા, ત્રણ-ચાર દિવસ અગાઉ ગામમાં રવાલ (મંડી)ની સ્થાપના



કરાય છે. જ્યાં રાત્રી દરમ્યાન ગ્રામજનો અને ભક્તો ભેગા મળી માતાને રિઝવવા ધૂણે છે. અને તેમ કરીને અન્નદેવીનું સામર્થ્ય મેળવે છે. એ લોકોને માવલી તરીકે ઓળખવામાં આવે છે. માવલી તરીકે ઓળખાતા લોકો સમૂહમાં, વાઘબારસએ મળસ્કે અન્નદેવીની પૂજા કરવા માટે નીકળે છે. તેઓ સીધી લીટીમાં, સીધેસીધા જ ચાલે છે. સામે કાંટા-ઝરડા હોય તો પણ તે જ રસ્તે ચાલે છે. તેમની સાથે માતાની સામર્થ્યતા શક્તિ હોય છે કોઈપણ કષ્ટ નડતુ ન હોવાની માન્યતા ધરાવે છે.

માવલી માતાની તરીકે પૂજા કરવા પહેલા કઠોર નિયમોનું પાલન કરવું પડે છે

માવલી તરીકે ડુંગર પર પૂજા કરવા જવા માંગતા ભક્તોએ કઠોર નિયમોનું પાલન કરવું પડે છે. તેઓએ ત્રણ માસ પહેલા કેટલીક વસ્તુઓનો ત્યાગ કરવો પડે છે. જેમ કે, સાબુથી ન્હાવુ નહીં, ધાણા, કાંદા, કાકડી, ચોળા વગેરે ખાવા નહીં, બાલ-દાઢી ન કરી શકાય, સ્ત્રીસંગથી દુર રહેવું, નવું ધાન્ય ખાવુ નહીં, જેવા સખત કષ્ટદાયક નિયમોનું પાલન કરવું પડે છે. એ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો માતા કષ્ટ આપે છે તેવી માન્યતા તેઓ ધરાવે છે.

માવલી માતાના સ્થાનકે નવા ધાન્યને ભેગું કરી પૂજન કરાય છે

કપરાડા તાલુકામાં અન્નદેવી માવલી માતાના સ્થાનક તરીકે સ્થાન ધરાવતા ડુંગરો વડોલી, ચોખાર અને નિમલો ડુંગરો છે. જે પૈકી નિમલો ડુંગર સૌથી જાણીતો છે. જ્યાં કપરાડા, ધરમપુર ઉપરાંત વલસાડ, વાપી, પારડી તેમજ દાદરા નગરહવેલી તથા મહારાષ્ટ્રથી માવલીઓ આવે છે. તેઓ ડુંગર પર માવલી માતાના સ્થાનકએ, નવા ધાન્યને ભેગું કરે છે. જેને શેષ તરીકે ઓળખે છે. તેનું સૌ ભેગા મળી પૂજન કરી, સુખ-સમૃધ્ધિની માનતાઓ માને છે. એ ધાન્યનું પૂજન કર્યા બાદ દિવાળીથી તેઓ નવા ધાન્યને આરોગવાનું ચાલુ કરે છે.

# દિવાળી બાદ ગુજરાતમાં પડશે કાતિલ ઠંડી, વલસાડ સૌથી ઠંડુ શહેર

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી શિયાળાની ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. મોડી સાંજથી જ ઠંડીનો ચમકારો અનુભવવા લાગ્યો છે. રાજ્યમાં મોટા ભાગે નલિયા સૌથી ઠંડી શહેર રહેતું હોય છે. જો કે હાલમાં નલિયા કરતાં વલસાડમાં લઘુત્તમ તાપમાનનો પારો નીચો રહેતા સૌથી ઠંડું શહેર નોંધાયું છે. આ સિવાય પાટનગર ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન ૫ર ગગડીને ૧૫ ડિગ્રીએ પહોંચ્યું છે. અમદાવાદ શહેરમાં રવિવારે લઘુત્તમ તાપમાન ૧૭.૪ ડિગ્રી જયારે મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયું હતું. હવામાન ખાતા દ્વારા જાહેર કરેલી વિગતો પ્રમાણે ડિસાનું ૧૭ ડિગ્રી, વડોદરાનું ૧૬.૮, સુરતનું ૨૦.૮ ડિગ્રી, વલસાડનું ૧૪ ડિગ્રી, અમરેલીનું ૧૬.૫, ભાવનગરનું ૧૮.૨ ડિગ્રી, દ્વારકાનું ૨૨.૪ ડિગ્રી, પોરબંદરનું ૧૮.૭ ડિગ્રી, રાજકોટનું ૧૭.૧ ડિગ્રી, વેરાવળનું ૨૧.૯ ડિગ્રી, સુરેન્દ્રનગરનું ૧૯.૨ ડિગ્રી, કેશોદનું ૧૬.૬ ડિગ્રી, ભુજનું ૧૯.૬ ડિગ્રી, કંડલા એરપોર્ટનું ૧૮ ડિગ્રી તેમજ નલિયાનું લઘુત્તમ તાપમાન ૧૪.૯ ડિગ્રી નોંધાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, નવેમ્બરના અંત સુધીમાં રાજ્યમાં કાતિલ ઠંડી પડવાનું શરૂ થઈ જશે. આ વખતે શિયાળાની સિઝનમાં પ્રમાણમાં વધુ ઠંડી પડવાનું નિષ્ણાતો દ્વારા અનુમાન કરવામાં આવ્યું છે. અમદાવાદ સહિત રાજ્યભરના મોટાભાગના શહેરોમાં પરોઢીયે અને મોડી રાત્રિના સમયે ઠંડીનો ચમકારો વધતા લોકો ગરમ કપડા કાઢવાનું શરૂ કર્યું છે. ઉપરાંત અનેક લોકોએ જેકેટ, સ્વેટરની ખરીદી પણ શરૂ કરી છે.

# મોડાસાની ૧૯ વર્ષીય નિલાંશી પટેલે પોતાના જ લાંબા વાળનો સતત ત્રીજા વર્ષે તોડ્યો વર્લ્ડ રેકોર્ડ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો
મોડાસા

મોડાસાની નિલાંશી પટેલ સૌથી આખા વિશ્વમાં સૌથી લાંબા વાળ ધરાવે છે. ૨૦૧૮માં ઈટલીના રોમ ખાતે ૧૭૦.૫ સે.મી લાંબા વાળ સાથે ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અગાઉ નામ નોંધાયુ હતુ. ધો-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી આ વિદ્યાર્થીનીએ સતત બીજા વર્ષે પોતાનો જ રેકોર્ડ તોડયો છે અને ૧૯૦ સે.મી. લાંબા વાળ સાથે સતત બીજા વર્ષે લોન્ગેસ્ટ હેયર ટીનેજરનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો નિલાંશી પટેલે સતત ત્રીજા વર્ષે એટલે કે ૨૦૨૦ માં પણ લાંબા વાળમાં દબદબો યથાવત રાખતા ૨૦૦ સે.મી લાંબા વાળ સાથે નવો ગીનીશ વર્લ્ડ રેકોર્ડ બુકમાં સ્થાન મેળવ્યું છે

સૌપ્રથમ ૧૮ વર્ષથી નીચેની ઉંમરમાં આખા વિશ્વમાં સૌથી લાંબા વાળ નો વર્લ્ડ રેકોર્ડ નિલાંશી ધરાવે




છે અને ગત વર્ષ પણ પોતાનો જ રેકોર્ડ તેણે તોડયો હતો સતત ત્રીજા વર્ષ- ૨૦૨૦ માં પણ તેને ૨૦૦ સે.મી વાળની લંબાઈ વધારી તેનો જ રેકોર્ડ તોડી સમગ્ર વિશ્વમાં તેનો દબદબો યથાવત રાખ્યો છે મોડાસા તાલુકાના સાયરાના શિક્ષક દંપતિ બ્રિજેશભાઈ પટેલ અને કામિનીબેનની દિકરીએ આ સિધ્ધી હાંસલ કરતાં સમગ્ર દેશનુ નામ રોશન કર્યુ છે. આ અગાઉ નિલાંશીએ પોતાના લાંબા વાળ માટે લિમ્કાબુકમાં નોધણી કરાવી હતી. હવે સતત ત્રણ વર્ષથી ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળી રહ્યુ છે. નાનપણથી જ સૌથી લાંબા વાળ રાખવાની તમન્ના ધરાવતી નિલાંશી હાલ ગાંધીનગર આઈઆઈટીમાં એડમિશન મેળવ્યું છે ભણવામાં પણ અવ્વલ છે. સાથે જ ટેબલ ટેનિસ અને તરણ સ્પર્ધાની કુશળ ખેલાડી છે.

આમ તો રમતો દરમિયાન પોતાના વાળનુ ખાસ ધ્યાન રાખવુ પડતુ હોય છે ત્યારે નિલાંશી રમતની સાથે પોતાના માથાના વાળની પણ ખુબ જ કાળજી રાખે છે. નાનપણ થી જ નિલાંશી અને તેના માતા-પિતાની ઈચ્છા હતી કે, વિશ્વમાં સૌથી મોટા વાળ રાખવાનો રેકોર્ડ પોતાના નામે કરવો છે. વાળની કાળજી રાખવાનુ શરૂ કર્યુ અને બે વખત ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યુ છે. ૨૦૧૮માં ૧૭૦ સે.મી લાંબા વાળ સાથે ઈટલીના રોમ ખાતે આ રેકોર્ડ સર્જાયો હતો અને આરજેન્ટીનાની ટીનેજર્સનો લાંબા વાળનો રેકોર્ડ નિલાંશીએ તોડયો હતો.૧૮ વર્ષથી નીચેની ઉંમરે ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ એમ સતત ત્રણ વર્ષ સુંધી પોતાનું નામ ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાવનાર નિલાંશી એક માત્ર ભારતીય છે. લાંબા વાળનો રેકોર્ડ દર વર્ષે અલગ અલગ દેશોના નામે હોય છે,પરંતુ લોન્ગેસ્ટ ઓફ હેયર ટીનેજર્સમાં નિલાંશીએ ભારતનો ડંકો વગાડયો છે. આગામી સમયમાં પણ સૌથી લાંબા વાળમાં તે વિશ્વમાં પ્રથમ રહેવા માગે છે. ધો-૧૨ સાયન્સ બાદ નિલાંશી અભ્યાસમાં પણ અગ્રેસર છે હાલ ગાંધીનગર આઈઆઈટીમાં કેમિકલ એન્જીનીયરીગ સ્ટ્રીમમાં એડમિશન મેળવ્યું છે અને આઈઆઈટીએન બનવા માંગતી હોવાનું જણાવ્યું હતુ મહિલાઓ અને યુવતીઓને સંદેશ આપવા માગે છે. લાંબા વાળ કોઈ મુશ્કેલી સર્જતા નથી. વાળ એ કુદરતી છે.તેની જેટલી માવજત કરીએ તેટલી ઓછી. આજ કાલ ટૂંકા વાળ રાખવાની ફેશન છે નિલાંશી પટેલે જણાવ્યું હતું કે કોઈપણ જગ્યાએ તે જાય છે ત્યારે લોકો તેની સાથે સેલ્ફીઓ લેવા ઉત્સુક હોય છે. જેથી પોતે એક સેલિબ્રિટી જેવું અનુભવે છે.

### ભિલોડા સુરપુર ગામના નિવૃત્ત પીએસઆઈને કોરોના ભરખી ગયો

# જીલ્લા સેવાસદનમાં કોરોનાનો કહેર યથાવત, પુરવઠા કચેરીનો કર્મચારી કોરોનાગ્રસ્ત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે સાત દિવસમાં કોરોના ત્રણ લોકોને ભરખી જતા કોરોનાના અસરગ્રસ્ત વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો છે ભિલોડા તાલુકાના સુરપુર ગામના કોરોનાગ્રસ્ત નિવૃત્ત પીએસઆઈનું હિંમતનગર ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં મામલતદાર સહીત ત્રણ કર્મચારી કોરોનામાં સપડાયા બાદ પુરવઠા કચેરીનો કર્મચારીનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો છેલ્લા એક સપ્તાહમાં કોરોના રોકેટ ગતિએ વધી રહ્યો છે ૫૦ થી વધુ લોકો કોરોનાગ્રસ્ત થતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી છે સોમવારે વધુ ૫ લોકો કોરોનામાં સપડાતા સરકારી ચોપડે કોરોના ૬૨૭ દર્દીઓ નોંધાયા છે



ભિલોડા તાલુકાના સુરપુર ગામના અને બે વર્ષ અગાઉ સુરત શહેરમાંથી પીએસઆઈ તરીકે નિવૃત્ત થયેલા શીવાભાઈ મોતીભાઈ પરમાર કોરોનાગ્રસ્ત થતા પરિવારજનોએ હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા ભારે ચકચાર મચી હતી આરોગ્ય તંત્રએ સુરપુર ગામને કન્ટેન્ટમેન્ટ એરીયા જાહેર કરી સર્વેની અને સેનેટાઇઝ કરવાની કામગીરી હાથધરી હતી

અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીને કોરોનાનું ગ્રહણ લાગ્યું હોય તેમ સતત કર્મચારીઓ કોરોનામાં સપડાઈ રહ્યા છે જીલ્લા સેવાસદન કચેરીમાં આવેલ પુરવઠા તંત્રનો કર્મચારી કોરોનાગ્રસ્ત થતા જનસેવા કેન્દ્રમાં ચાલતી પુરવઠા વિભાગની કામગીરી બંધ કરી સમગ્ર પરિસરને આરોગ્ય તંત્રએ સેનેટાઇઝ કરવા તજવીજ હાથધરી હતી સોમવારે મોડાસા શહેરની પ્રણામી નગર સોસાયટીની ૨૮ વર્ષીય મહિલા,ઉત્સવ હાઈટ્સમાં રહેતો ૪૪ વર્ષીય અને સર્વોદય નગરનો ૭૨ વર્ષીય પુરુષ અને ટિંટિસર ગામે ૨૫ વર્ષીય અને ચીચણો ગામનો ૫૫ વર્ષીય પુરુષનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય તંત્રએ સર્વેની કામગીરી હાથધરી હતી વહીવટી તંત્રએ તમામ કોરોનાગ્રસ્ત વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરી રાબેતા મુબજની કામગીરી કરી સંતોષ માની રહી હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે

### રોબોટમાં કેમેરા હોવાથી માટી, પથ્થર, ઈંટ જેવો કચરો સહેલાયથી દુર કરી શકાશે: મેયરશ્રી રીટાબેન પટેલ

# ગાંધીનગરમાં હવે ગટરના મેઈન હોલની સફાઇ બેન્ડીકુટ રોબોટ મશીનથી કરાશે



### ગટરની કુંડીમાં ઉતરીને સફાઇ કરવામાં થતી માનવ જીંદગીની હાની નિવારી શકાશે: નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ

ગાંધીનગર:

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં હવે ભૂર્ગભમાં આવેલી ગટરના ઉંડા મેઈન હોલની સફાઈની કામગીરી બેન્ડીકુટ રોબોટ મશીન દ્વારા કરવામાં આવશે. સુરતમાં તેના માટે રોબોટ કામે લગાડાયા બાદ રાજ્યમાં ગાંધીનગર આવું બીજુ શહેર બન્યું છે. મેયરશ્રી રીટાબેન પટેલની ઉપસ્થિતિમાં રાજયના મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલે સોમવારે નિદર્શન જોવા સાથે રોબોટ મશીનનું લોકાર્પણ કરવા સમયે જણાવ્યું કે ગટરની કુંડીમાં ઉતરીને સફાઈની કામગીરી કરવામાં ભૂતકાળમાં કર્મયોગીઓએ જીવ ગુમાવ્યાના બનાવ બન્યા છે. હવે આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી માનવ જીંદગીની હાની નિવારી શકાશે. મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે રોબોટમાં કેમેરા હોવાથી માટી, પથ્થર, ઈંટ જેવો કચરો સહેલાયથી દુર કરી શકાશે.

શહેરો જ નહીં ગામડાઓમાં પણ સ્વચ્છતા માટે સરકાર દ્વારા આધુનિક સાધન સરંજામ વિના મૂલ્યે આપવામાં આવી રહ્યાં છે. રાજ્યમાં ભૂર્ગભ ગટરનું નિર્માણ મોટાપાયે કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગટર વ્યવસ્થાના મેઈન હોલ સમયાંતરે સાફ કરવા પડે છે. ભૂતકાળમાં તેની સફાઇ કામદારો દ્વારા કુંડીમાં ઉતરીને કરવામાં આવતી અને તેમાં ઝેરી ગેસના કારણે કામદારોના મૃત્યુ થવાના બનાવ બનતા હતાં. હવે સુપ્રિમ કોર્ટ દ્વારા કામદારને કુંડીમાં ઉતારવાની મનાઇ કરાઇ છે. હાલમાં મશીનરી દ્વારા જ મેઈન હોલની સફાઇ કરવામાં આવે છે. હવે સ્ક્રીન સહિતનો કોમ્પ્યુટરાઇઝ્ડ રોબોટ ઉપલબ્ધ બન્યો છે. ગાંધીનગર મહાનગર પાલીકેને સાબરમતી ગેસ કંપની દ્વારા આ રોબોટ મશીન ભેંટ આપવામાં આવ્યું છે. આ મશીનની કામગીરી સફળ રહેશે તો આગામી દિવસમાં અન્ય શહેરોને પણ આપવામાં આવશે.

મેયરશ્રી રીટાબેન પટેલે બેન્ડીકુટ રોબોટ મશીન અંગે જણાવ્યું કે માનવ જીંદગી બચાવવામાં ઉપકારક બનતા આ મશીન દ્વારા મેઈન હોલમાં કેવો અને કેટલો ગેસ છે. તેની માહિતી પણ મળશે. તેમાં લાગેલા કેમેરા દ્વારા મેઈન હોલમાં ક્યાં કેવી ગંદકી ફસાયેલી છે. તે સ્ક્રીન પર જોઇ શકાશે અને બહાર કાઢી શકાશે. કેરળની જેનરોબટિક્સ ઈનોવેશન નામની કંપનીએ બનાવેલા આ રોબોટની કિંમત ૩૮ લાખ રૂપિયા છે.

### આદિવાસી સાહિત્ય રસધાર હેઠળ

# બાલચોંઢી કન્યા વિધાયલય ખાતે સાહિત્ય સર્જકો અને પુસ્તક વિમોચ કાર્યક્રમ યોજાયો

સતિષ પટેલ વલસાડ

વલસાડ જિલ્લા કપરાડા તાલુકાના બાલચોંઢી કન્યા વિદ્યાલય ખાતે નવસર્જકો અને રસ ધરાવતા સાહિત્યકારોનું સ્નેહ મિલન અને જગદીશભાઈ ખાંડરા કૃત પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.જેમાં અધ્યક્ષ સ્થાને અરવિદભાઈ પટેલ હતા.

આ દરમ્યાન આદિવાસી સમાજમાં પડેલ સંસ્કૃતિ, વારસો, બોલી, રિતિ રિવાજ, વાજિંત્રો,ગીતો, કથા, લોક કથા, ઉખાણા, કહેવતો અને પહેરવેશ જે હાલે લુપ્ત થઈ રહેલ છે. જે હાલે લિખિત સ્વરૂપમાં સાહિત્ય સરજી લિખિત સ્વરૂપમાં જાળવણી કરવી જે સંદર્ભે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

આદિવાસી સાહિત્યના સંશોધક અને સંપાદક ડાહ્યા ભાઈ વાઢું જેઓએ આદિવાસીઓનો ઈતિહાસ, સાહિત્યની વિશેષ ધ્યાન દોર્યું હતું. અન્ય સાહિત્ય કરતા આદિવાસી સાહિત્ય ઉત્તમ



ગણાવ્યું હતું.


આદિવાસી સાહિત્ય રસધાર કાર્યક્રમ હેઠળ અને ડાહ્યાભાઈ વાઢું અને અરવિદભાઈ પટેલના હસ્તે જગદીશભાઈ ખાંડરા કૃત ×ચુનીલાલ મડીયાની નવલકથામાં ગ્રામજીવન×પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આભાર વિધિ રાજેશભાઇ પટેલે કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોજભાઈ એ કર્યું હતું.

આ દરમ્યાન ડાહ્યાભાઈ વાઢું(સંશોધક અને સંપાદક),અરવિદભાઈ પટેલ (લોક વાર્તાકાર),જગદીશભાઈ ભોયા, દિનેશ ખાંડવી, જયેન્દ્ર ભાઈ ગાવિત, તેજશ દેસાઈ, નવીન ખાંડરા, જગદીશ ભોયા, જગદીશ ખાંડરા, જશવંત ભીંસરા, હંસા ચૌધરી અને બાબુભાઇ ચૌધરી સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

# રેઈન્બો વોરીયર્સ ધરમપુર આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૧ યુનિટ બ્લડ એકત્ર થયું

સતિષ પટેલ વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના મહારાષ્ટ્રની સરહદે આવેલા નડગધરી ગામમાં દિનેશભાઈ ભોયાના ઘરે રેઈન્બો વોરીયર્સ ધરમપુર અને સમસ્ત આદિવાસી પરિવાર દ્વારા રક્તદાન કેન્દ્ર,વલસાડના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું , જેમા ૩૧ યુનિટ બ્લડ એકત્ર થયું હતું .આ પ્રસંગે નડગધરી ગ્રામ પંચાયતના સરપંચ ગણપતભાઈ ખરપડિયા, બોપી ગ્રામ પંચાયતના સરપંચ મણીલાલ ગાંવિત ,સામાજિક કાર્યકર સુમનભાઈ વાઘેલા, બારકુભાઈ રાઉત,વલસાડ જિલ્લા નાયકા સમાજના ઉપપ્રમુખ મહેશભાઈ ગરાસિયા, મંત્રી હિનલભાઈ પટેલ, તેમજ રેઈન્બો? વોરીયર્સ ધરમપુરનાં કો ઓર્ડિનેટર શંકરભાઈ પટેલ, કેતનભાઈ



ગરાસિયા, હિતેશભાઈ પટેલ , વિરેન્દ્ર ગરાસિયા,નલિનીબેન પાનેરીયા ,દિનેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આજ જયારે એક યા બીજા કારણોસર બ્લડની માંગ વધી રહી છે અને બીજા પક્ષે રક્તદાન કેન્દ્રોમાં બ્લડની અછત ઊભી થઈ રહી છે, ત્યારે ગામડાના યુવાનોમાં રક્તદાન કરવા અંગેની પ્રવર્તતી ગેરમાન્યતા દુર થાય અને તેઓ રક્તદાન કરવા ઉત્સુક બને તેવા હેતુસર રેઈન્બો વોરીયર્સ અંતરિયાળ વિસ્તારમા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરે છે,તેના ભાગરુપે નડગધરી ગામમાં યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૧ યુનિટ બ્લડ એકત્ર કરવામાં સફળતા મળી હતી.

વધુમાં રેઈન્બો વોરીયર્સ ગ્રુપની એક આગવી પરંપરા છે કે દરેક બ્લડ ડોનેશન કેમ્પ વખતે વિશિષ્ટ પ્રતિભાનુ સન્માન કરવું , તે મુજબ સામાજિક ક્ષેત્રો અવનવી સેવા કરનાર દિનેશભાઈ ભોયાનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ એનાયત કરીને સન્માન કરાયું હતું .

અહીના બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન રેઈન્બો વોરીયર્સ ધરમપુર અને સમસ્ત આદિવાસી પરિવારના યોદ્ધાઓ દ્વારા કરવામાં આવ્યું હતું

# માણાવદર શહેરમાં દર્શન ચશ્મા ગૃપ દ્વારા વિનામૂલ્યે માસ્ક વિતરણ કરવામાં આવ્યા

માણાવદર તાલુકામાં વધતા જતા કોરોનાના કેસો ચિંતાનો વિષય બનેલ છે ત્યારે માણાવદર શહેરમાં દર્શન ચશ્મા ગૃપ દ્વારા બે હજાર માસ્ક નુ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતુ હાલ ઘણા લોકો પાસે માસ્ક નથી તેમજ માસ્ક ન પહેરવાને કારણે રૂપિયા એક હજાર નો દંડ ભરવો પડે છે ત્યારે કોરોનાના ઘાતક રોગથી બચવા અને રોગનો ફેલાવો અટકાવવા પ્રયાસ કરાયો છે.આ તકે દર્શન ચશ્મા ગૃપ ના એમ.ડી. બિપીન પટેલે વ્યક્તિગત માસ્ક વિતરણ કરી માસ્ક પહેરવા અને માસ્ક નહી પહેરેલ હોય તો પોલીસ દંડ ફટકારશે તેવી સમજણ લોકોને આપી હતી માસ્ક વિતરણ સેવા દરમિયાન લોકોને સેનીટાઈઝર નો ઉપયોગ કરવા, શોશ્યલ ડિસ્ટન્સ જાળવા, વધુ સંખ્યા માં લોકોને એકત્ર ન થવા ,આ રોગને ફેલાતો અટકાવવા વગેરે બાબતે લોકોને અનુરોધ કરાયો હતો.આજના આ માસ્ક વિતરણ કાર્યક્રમ માં સ્વામિનારાયણ મંદિર ના કોઠારી મોહન પ્રસાદદાસજી સ્વામી તેમજ દર્શન ચશ્મા ગૃપ ના બિપીનભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ હરસુખભાઇ ગરાળા, નાંદરખા ગામના સરપંચ કે.ડી.લાડાણી તેમજ દર્શન ચશ્મા ગૃપ ના તમામ બ્રાંચના ઓનરો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર



સુવિધા ફ્લેટ પરિવાર જોરાવર નગર દ્વારા સ્વ.શ્રી જગજીવનભાઈ સતવારા પરિવાર ના આર્થિક સહયોગ થી સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષક શ્રી ની કચેરી માં પોલીસ અધિક્ષકશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ ની ઉપસ્થિતિમાં સમગ્ર સ્ટાફ ને કોરોના પ્રતિરોધક આયુર્વેદિક ટેબ્લેટ નું વિતરણ કરવામાં આવ્યું .આ વિતરણ માં નાયબ પોલીસ અધિક્ષકશ્રી પ્રકાશ પટેલ સાહેબ તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ એ લાભ લીધો હતો.આ વિતરણ માં ડો.અક્ષય રાવલ.નીતિનભાઈ.પ્રવીણભાઈ. નિરજભાઈ.મોહનભાઈ . જયભાઈ.રાકેશભાઈ . અશોકભાઈ.ભાવિનભાઈ .નિસર્ગભાઈ રાહુલભાઈ.પ્રતિકભાઈ.મલયભાઈ તથા સમગ્ર સુવિધા પરિવારે જહેમત ઉઠાવી હતી

જયશ્રી રામ

આમરણાંત ઉપવાસ



હિન્દૂ ધર્મ અને સંસ્કૃતિ ના આરાધ્ય દેવ એવાં શ્રીરામ એજ શ્રીરામની ભૂમિ એટલે શ્રીકાળા રામજી મંદિરની મિલકતો જે સરકાર શ્રી દ્વારા શ્રી રાજચંદ્ર સંસ્થાને સોંપી દેવામાં આવી છે. તેના વિરોધમાં હું શ્રીકાળા રામજી મંદિરનો પૂજારી જયદીપભાઈ દવે જયાં સુધી આ નિર્ણય રદ નહી થાય ત્યાં સુધી આમરણાંત ઉપવાસ પર બેસવાનો છે.

તા. ૧૭-૧૧-૨૦૨૦

સ્થળ:- શ્રી કાળા રામજી મંદિર, ધરમપુર

### માલપુર મામલતદારને આવેદનપત્ર આપ્યું

# સાહેબ અમારા બૈરાં છોરા ભૂખે મરે છે અમને પણ બેંડ વાજા વગાડવાની છૂટ આપો, પેકેજ જાહેર કરો




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસની મહામારીને નાથવા કેન્દ્ર સરકારે જાહેર કરેલા લોક ડાઉનથી અનેક ધંધાર્થીઓની હાલત દાયનીય બની છે રાજ્ય સરકારે લગ્ન પ્રસંગમાં ૨૦૦ માણસોને સામેલ થવાની છૂટ આપી છે પણ ઢોલ કે બેન્ડવાજા વગાડવાની મંજૂરી આપવામાં ન આવતા બેન્ડવાજા સંચાલકો અને કારીગરોને જીવનનિર્વાહ ચલાવવા ભારે ફાંફા પડી રહ્યા છે ત્યારે ગુજરાત સૂચિત સંગીત બેન્ડ એસોસિએશનના સભ્યોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ઉલ્લેખીને લખેલ આવેદનપત્ર માલપુર મામલતદારને આપી ન્યાયની માંગ કરી હતી બેન્ડવાજા સાથે સંકળાયેલ લોકો માટે રાહત પેકેજની માંગ કરી હતી

લોક ડાઉનથી કલા જગતના તમામ કલાકારોની રોજગારી પર માઠી અસર પડી છે.કલાકારો રોજગારી વિના મુંઝવણમાં મુકાયા છે,લગ્ન પ્રસંગ માં બેન્ડવાજા વગાડી પરિવારનું જીવનનિર્વાહ ચલાવતા લોકો લોકડાઉન બાદ સંચાલકો અને કારીગરો દેવાદાર અને બેરોજગાર બન્યા છે સરકારે અનલોક પછી વિવિધ છૂટછાટ આપવામાં આવી છે જેમાં લગ્ન પ્રસંગમાં ૨૦૦ લોકો સામેલ થવાની મંજૂરી આપી છે પરંતુ બેન્ડ કે ઢોલ પર પ્રતિબંધ મુકતા બેન્ડ ઢોલ વગાડવાની મંજૂરી આપવામાં આવેની માંગ કરી હતી બેન્ડવાજા સાથે સંકળાયેલ લોકો આર્થિક સંકડામણના પગલે આત્મહત્યા કરવા મજબુર બન્યા હોવાનું પણ બેન્ડવાજા એસોસિએશનના લાલજી ભગતે જણાવ્યું હતું

### દિવાળીની રાત્રીએ ૧૩ ફૂટ મેળાયું પ્રગટાવશે

# શામપુરના ડુંગર પર ૧૩ ફૂટ મેળાયું પ્રગટાની સાથે અરવલ્લીની ગિરિમાળાઓ દેવ દિવાળી સુધી થશે પ્રકાશીત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

દિવાળી આવે ત્યારે બાળકો હાથમાં મેરાયું લઈને તેલ પુરવા માટે નિકળે છે, અને કહે છે કે, આજ દિવાળી..... કાલદિવાળી....ગોકુળિયામાં થાય દિવાળી..... પણ આ જે આ શબ્દો કદાચ ઓછા સાંભળવા મળતા હશે,, એવામાં અરવલ્લી જિલ્લામાં એક કે બે ફૂટ નહીં પરંતુ, ૧૩ ફૂટ ઊંચુ સવા મણ ઘી સમાય તેવા તાંબાના કોડિયાવાળું મેરાયું વર્ષોથી અડીખમ છે સમય બદલાતા, સંસ્કૃતિમાં પરિવર્ત આવ્યું હોય તેવું લાગી રહ્યું છે, પરંતુ ગામડાએ એ સંસ્કતિનો વારસો આજે ટકાવી રાખ્યો છે, જે આપણને પૂર્વજોએ આપ્યો છે શામપુર નજીક કુંઢેરા ડુંગર પર ૧૩ ફૂટ ઉંચુ મેરાયું પ્રગટાવી દિવાળીની અનોખી ઉજવણી કરવમાં આવશે

શામપુર કુંઢેરા મહાદેવના મહંત શ્રી શિવાનંદ મહારાજના જણાવ્યા અનુસાર મહાભારતના સમયથી અહીં મેરાયું પ્રગટાવાની પરંપરા ચાલી આવી છે, જે આજે પણ



ગ્રામજનોએ દ્વારા જાળવી રાખવામાં આવી છે. જે પરંપરા હાથમાં મેરાયું લઈને તેલ પુરવાની છે, તે ધીરે ધીરે ભૂલી જવાઇ છે,,પણ ડુંગર પર ચઢાણ કરીને પણ ગ્રામજનો આજે દિવાળીના દિવસે મેરાયું પ્રગટાવા પહોંચી જાય છે. શામપુરાના ડુંગર પર પ્રગટાવાયેલા મેરાયુંનો પ્રકાશ અરવલ્લીની ગીરીમાળાઓમાં રેલાતા નયનરમ્ય નજારો જોવા મળતો હોવાની સાથે મેરાયાનો પ્રકાશ આસપાસના રામપુર, ગઢડા, ખંભીસર, સરડોઇ, મેઢાસણ, લાલપુર, નવા, દાવલી સહિતના ગામમાં જોવા મળે છે.

દિવાળી આવે એટલે નાના કસ્બા અને નગરોમાં મેરાયા પ્રગટાવી તેલ પુરવાની પ્રથા જોવા મળતી હોય છે, પણ ધીરે ધીરે આ પરંપરા પણ લુપ્ત થઇ રહી હોય તેવું લાગી રહ્યું છે,આ વચ્ચે અરવલ્લી જિલ્લામાં તેર ફૂટ ઉંચા મેરાયામાં તેલ પુરવાની પ્રથા આજે પણ યથાવત છે. મોડાસા તાલુકાના શામપુર ગામના ડુંગર આવેલા તેર ફૂટ ઉંચા મેરાયામાં ગ્રામજનો દિવાળીના દિવસે તેલ પુરે છે, અને દેવ દિવાળી સુધી તેની પૂજા કરે છે,, ગ્રામજનો માન્યતા રાખતા હોય છે, અને માન્યતા પૂર્ણ થતાં જ દિવાળીના દિવસે આ મેરાયામાં તેલ પુરવા માટે આવે છે, દિવાળી નજીક આવતા ગ્રામજનો દ્વારા મેરાયાની સાફ સફાઈ તેમજ જાળવણી કરવાની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવે છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.